# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પી.જી.ટી.આર.વિભાગ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૮૫૦૧ એક્સટે. નં.૨૨૨ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :pgtr@sauuni.ac.in


## પીએચ.ડી. પ્રવેશ – ૨૦૨૩ મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષાની સૂચનાઓ

| | |
|---|---|
| ૧. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૩- ૨૪ માટેની પ્રવેશ પ્રકિયા ફી રૂ.૫૦૦/- છે. (ફી કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.) |
| ૨. | પીએચ.ડી. પ્રવેશ મેળવવા માટે અભ્યાસક્રમની જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણે કે અનુસ્નાતક અભ્યાસક્રમ (**M.A., M.B.A., M.Com., M.Sc. M.Ed. M.R.S., M.LIB., M.C.A., M.S.W.,M.P.Ed.,M.P.A.** વગેરે)માં ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ સિવાય) અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તથા **SEBC** (નોન ક્રિમિલેયર) તથા શારીરિક ખોડખાપણ તેમજ EWS કેટેગરીના ઉમેદવારોને ૫૦% ગુણ હોવા જરૂરી છે.<br>**ORDINANCE FOR PH.D.**પ્રોગ્રામ ૨૦૨૨ મુજબ **M.PHIL.**અભ્યાસક્રમમાં જે ઉમેદવારોએ ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ સિવાય) મેળવેલ છે,તેઓએ એન્ટ્રન્સ પરીક્ષા આપવાની રહેશે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તથા SEBC (નોન ક્રિમિલેયર) તથા શારીરિક ખોડખાપણ તેમજ EWS કેટેગરીના ઉમેદવારોને **M.PHIL.**માં ૫૦% ગુણ હોવા જરૂરી છે. |
| ૩. | પ્રવેશપત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ www.phd.sauuni.ac.in પરથી તા.૨૫/૧૦/૨૦૨૩ થી તા.૦૮/૧૧/૨૦૨૩ સુધી ઓનલાઈન ભરી શકાશે. |
| ૪. | પીએચ.ડી.મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષા સંબંધિત અન્ય માહિતી સમયાંતરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે, ઉમેદવારોએ વેબસાઈટના નિયમિત સંપર્કમાં રહેવું. |
| ૫. | ઉમેદવારે પરીક્ષા સમયે હોલ ટિકિટની પ્રિન્ટ પોતાની પાસે રાખવી. |
| ૬. | અધુરી વિગતોવાળા આવેદનપત્રો તેમજ ઉમેદવારો દ્વારા આવેદનપત્રોમાં જો ખોટી માહિતી આપવામાં આવેલ હશે તો તે આવેદનપત્રો રદ થવાને પાત્ર રહેશે. |
| ૭. | પીએચ.ડી. મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષા સંબંધિત કોઇપણ પ્રકારનો આખરી નિર્ણય લેવાની સત્તા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રહેશે. |
| ૮. | ઉમેદવાર દ્વારા રજૂ કરવામાં આવેલ ઈ - મેઈલ આઈ.ડી. ઉપર પાસવર્ડ મોકલવામાં આવશે. |
| ૯. | ઉમેદવારે તમામ જરૂરી ડોક્યુમેન્ટ **PDF** ફોરમેટમાં અપલોડ કરવાના રહેશે. |
| ૧૦. | ઉમેદવારી પત્ર સબમિટ કર્યા પછી ઉમેદવારે તેની પ્રિન્ટ અવશ્ય લેવી. |
| ૧૧. | કોઇપણ પ્રકારના માર્ગદર્શન માટે phd.2023@sauuni.ac.in ઉપર ઈ મેઈલ કરવાનો રહેશે. |
| ૧૨. | પીએચ.ડી.મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષાની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૧૩. | મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષા : આ પરીક્ષા કોમ્પ્યુટર બેઈઝડ ઓફલાઈન યોજવામાં આવશે. પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાને લગતી માહિતી વેબસાઈટ પર વખતોવખત અપલોડ કરવામાં આવશે.આથી ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટના નિયમિત સંપર્કમાં રહેવું, જો કોઇપણ કારણસર ઉમેદવાર આ પરીક્ષામાં ગેરહાજર રહેશે તો ઉમેદવારની તે અંગેની કોઇપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| ૧૪. | જે ઉમેદવારોએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવો હોય તેઓએ યુનિવર્સિટી ની મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષા આપવી ફરજિયાત છે. જે ઉમેદવારોએ **UGC NET (INCLUDING JRF)/ UGC – CSIR (INCLUDING JRF) / SLET/GATE/GPAT/ TEACHER FELLOWINGSHIP HOLDERS** પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારોએ મેરીટ પરીક્ષા આપવાની રહેશે જયારે અન્ય ઉમેદવારોએ એન્ટ્રન્સ પરીક્ષા આપવાની રહેશે. |
| ૧૫. | યુનિવર્સિટીના પરિપત્ર : પીજીટીઆર/૨/૪૨૪૩૭/૨૦૨૨ તા.૦૯/૦૯/૨૦૨૨ મુજબ જે ઉમેદવારોએ પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા ભૂતકાળમાં પાસ કરેલ છે અને ભવિષ્યમાં કોઈ ઉમેદવારોએ પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા પાસ કરે તેવા તમામ ઉમેદવારોએ પીએચ.ડી.પ્રવેશ માટે લાઈફ ટાઈમ એલીજીબલ ગણાશે. જે ઉમેદવારોએ ભૂતકાળમાં જે વિષયમાં પ્રવેશ પરીક્ષા પાસ કરેલ હશે તે જ વિષયમાં મેરીટ પરીક્ષા ફરજિયાત આપવાની રહેશે આવા ઉમેદવારોના મેરીટ પરીક્ષામાં મેળવેલ ગુણ ડી.આર.સી.દરમિયાન ધ્યાને લેવાના રહેશે. |
| ૧૬. | ઉમેદવારે જે વિષયમાં અનુસ્નાતક પરીક્ષા પાસ કરેલ છે તે જ વિષયની પીએચ.ડી. મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષા આપવાની રહેશે. ઉપરાંત કાઉન્સિલના અભ્યાસક્રમ જેવા કે **LL.M., M.Ed.** વગેરેમાં પાસ થયેલ ઉમેદવારો પરીક્ષા આપવા ઈચ્છે તો તેણે બે વિષયના અલગ અલગ ફોર્મ ભરવાના રહેશે. |
| ૧૭. | પીએચ.ડી.પ્રવેશ પરીક્ષા પાર્સિંગ ધોરણ :<br>UGC નિયમો અનુસાર પરીક્ષાના પાર્સિંગનું ધોરણ જનરલ કેટેગરીના ઉમેદવારો માટે ૫૦% ગુણ તેમજ અનામત કેટેગરી **(SC,ST,SEBC** (નોન ક્રિમિલેયર),EWSને ૪૫% ગુણનો નિયમ લાગુ પડશે. તેમજ PH ઉમેદવારને પણ ૪૫% ગુણનો નિયમ લાગુ પડશે. |
| ૧૮. | જે ઉમેદવારો **UGC NET (INCLUDING JRF) UGC – CSIR (INCLUDING JRF) / SLET/GATE/GPAT/ TEACHER FELLOWINGSHIP HOLDERS** ધારક ઉમેદવારો ઈચ્છે તો પીએચ.ડી. એન્ટ્રન્સ પ્રવેશ પરીક્ષા આપી શકે છે તેઓને એન્ટ્રન્સ પરીક્ષાના નિયમો લાગુ પડશે. આ ઉમેદવારોને ૫૦% ગુણ ક્વોલીફાઈંગનો નિયમ લાગુ પડશે. |
| ૧૯. | જે – તે વિષયમાં જે ઉમેદવારો મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષામાં ઉતીર્ણ થયા હશે તે પૈકી મેરીટના ધોરણે ખાલી રહેલ જે તે કેટેગરીની સીટની સાપેક્ષમાં ૧ : ૬ ના ધોરણે એટલે કે (જે – તે કેટેગરીની એક સીટ સામે જે – તે કેટેગરીના ૬ વિદ્યાર્થીઓ) ને DRC સમક્ષ બોલાવવામાં આવશે. |

| | |
|---|---|
| ૨૦. | પીએચ.ડી. પ્રવેશની આખરી યાદી UGC ના નિયમ મુજબ ઉતીર્ણ ઉમેદવારોએ મેળવેલ મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષાના ૭૦ % + DRCના ૩૦ % મુજબ તૈયાર કરવામાં આવશે. |
| ૨૧. | જે ઉમેદવારોએ મેરીટ કમ એન્ટ્રન્સ પરીક્ષા આપી છે અને ક્વોલિફાય થયેલ છે તેવા તમામ ઉમેદવારોએ DRC ની પ્રકિયામાં હાજર રહેવું ફરજિયાત છે. |
| ૨૨. | ઉમેદવારોને મળતી કોઇપણ પ્રકારની સ્કોલરશીપ માટે કોઇપણ ઉમેદવારની સંશોધક તરીકે નોંધણી થાય ત્યારે તેવા ઉમેદવારના માર્ગદર્શકશ્રી જે સંસ્થામાં હોય તે સંસ્થા પાસે મળવાપાત્ર સ્કોલરશીપના નીતિ નિયમોને અનુરૂપ માન્યતા ન હોય તો તે અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. |
| ૨૩. | પ્રશ્નપત્રનું માળખું :-<br>• પ્રશ્નપત્ર કુલ ૧૦૦ ગુણનું રહેશે, પ્રત્યેક પ્રશ્નનો ૧ ગુણભાર રહેશે.<br>• પ્રશ્નો MCQ પ્રકારના રહેશે.<br>• પ્રશ્નપત્રના પ્રશ્નોમાંથી ૫૦પ્રશ્નો રિસર્ચ મેથોડોલોજી અને ૫૦ પ્રશ્નો વિષય સંબંધિત રહેશે.<br>• નકારાત્મક ગુણાંક રાખેલ નથી.<br>• પરીક્ષાનો સમયગાળો ૧૨૦ મિનિટનો રહેશે.<br>• ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી વિષય સંબંધિત પ્રશ્નો તે જ ભાષામાં રહેશે, અને મેડિકલ ફેકલ્ટીના તેમજ સાયન્સના (વિજ્ઞાન), મેનેજમેન્ટ અને ફાર્મસીમાં પ્રશ્નપત્ર અંગ્રેજી માધ્યમમાં રહેશે. અન્ય વિષયોમાં પ્રશ્નપત્રો અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં રહેશે.<br>• સંસ્કૃત વિષયના સંબંધિત પ્રશ્નો સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં રહેશે. |
| ૨૪. | પ્રવેશ પરીક્ષા માટેનો અભ્યાસક્રમ વેબસાઈટ પર ઉપલબ્ધ છે, કુલ પ્રશ્નોના ૫૦% પ્રશ્નો વિષયના અને બાકીના ૫૦% રિસર્ચ મેથોડોલોજીના રહેશે. (પ્રવેશ પરીક્ષામાં પુન : મૂલ્યાંકન (રી–એસ્સેમેન્ટ), (રી–ચેકીંગ) ની કોઈ જોગવાઈ નથી. |
| ૨૫. | ઉમેદવારે પ્રવેશ સમયે નીચે જણાવેલા પ્રમાણપત્ર તથા તેની સ્વપ્રમાણિત નકલ જે તે સમયે દર્શાવેલી તારીખ સુધીમાં અચૂક રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્ર રદ ગણાશે.<br>(૧) આર્થિક પછાત વર્ગ(EWS) પ્રમાણપત્ર<br>(૨) દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્ર<br>(3) **SC/ST/OBC (**નોન ક્રિમિલેયર**)**<br>(૪) એમ.એ./એમ.કોમ./એમ.એસસી. વગેરેના ગુણપત્રકો<br>(૫) **UGC JRF/NET/SET/GATE/GPAT/M.PHIL.** વગેરે પ્રમાણપત્ર<br>(૬) આધારકાર્ડ<br>(૭) અગાઉ પીએચ.ડી.પરીક્ષા આપી હોય અને ઉતીર્ણ થયા હોય તો તેનો આધાર |

| | |
|---|---|
| ૨૬. | **SAURASHTRA UNIVERSITY ORDINANCE – 2022** અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વખતોવખતની સૂચનાઓ લાગુ પડશે. |
| ૨૭. | અરજદારે સૂચનાઓ / નિયમોનો પૂરેપૂરો અભ્યાસ કર્યા બાદ જ ફોર્મ ભરવું. અરજદારે લાયકાતના ધોરણને ધ્યાનમાં રાખી પોતે નિયત લાયકાત ધરાવતા હોય તો જ ફોર્મ ભરવું. |
| ૨૮. | PET – ૨૦૨૩માં ઉતીર્ણ ઉમેદવારોએ DRC પૂર્વે જે તે ભવનમાં અરજી સાથે પોતાના અસલ તમામ પ્રમાણપત્રો અને સંશોધનની દરખાસ્ત અચૂકપણે જમા કરાવવાની રહેશે. |
| ૨૯. | ઉમેદવારે ફોર્મ ભરતી વખતે છેલ્લી તારીખ સુધીના દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. |
| ૩૦. | જો ઉમેદવારે ખોટા દસ્તાવેજો રજૂ કરી પીએચ.ડી. પ્રવેશ મેળવેલ હશે તો તે ઉમેદવારનું પીએચ.ડી. પ્રવેશ કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે. |